INDIA PARTNER | Dabur GROUP

# અવિવા ન્યૂ ફૅમિલી ઈન્કમ બિલ્ડર



AVIVA
| Life Insurance |



**અવિવા ન્યૂ ફેમિલી ઈન્કમ બિલ્ડર – વ્યક્તિગત, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન.**
અવિવામાં અમે તમારા સ્વજનોને આજે અને આવતીકાલે આરામદાક જીવન પૂરું પાડવા માટેનાં તમારાં પ્રયાસો અને મહેનતની અમે સરાહના કરીએ છીએ. પ્રસ્તુત છે, અવિવા ન્યૂ ફેમિલી ઈન્કમ બિલ્ડર, બચત સહ સુરક્ષા લક્ષી પ્લાન જે 12 વર્ષ માટે રેગ્યૂલર પેઆઉટ્સ સ્વરૂપે વળતરની ગૅરંટી સાથે તમને આર્થિક સહાયતા પૂરી પાડે છે. આ રેગ્યૂલર પેઆઉટ્સ તમારું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં તમારા પરિવારને ચૂકવવામાં આવે છે. આ સુનિશ્ચિત કરે છે કે તમે તેમની પાસે ન હો ત્યારે પણ તમે તેમને એ જ જીવનશૈલી નિરંતર પૂરી પાડો.

## અવિવા ન્યૂ ફેમિલી ઈન્કમ બિલ્ડર – અનોખાં આકર્ષણો

- **સ્વયં માટે ગૅરંટેડ ઈન્કમ :**
  - 12 વર્ષ સુધી દર વર્ષે વાર્ષિક પ્રીમિયમ ચૂકવો અને આવતા 12 વર્ષ સુધી નીચે જણાવ્યા મુજબ ચૂકવેલા પ્રીમિયમોથી બમણી રકમ મેળવોઃ
    - 13મા વર્ષથી શરૂ કરી 24મા વર્ષ સુધી દરેક વર્ષના અંતે વાર્ષિકીકૃત પ્રીમિયમના 1.5 ગણાં.
    - 24મા વર્ષના અંતે છેલ્લા વાર્ષિક પેઆઉટ સાથે ચૂકવવાપાત્ર વાર્ષિકીકૃત પ્રીમિયમના 6 ગણાનો વધારાનો લાભ.
  - આ ઉપરાંત, 12 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદતના અંતે પ્રવેશ સમયની તમારી ઉંમર આધારે તમે ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ પણ મેળવો છો.
- **તમારું મૃત્યુ થવાના કિસ્સામાં પરિવાર માટે ગૅરંટેડ ઈન્કમ.:**
  - જો પૉલિસી મુદત દરમિયાન મૃત્યુ થાય તો, વાર્ષિકીકૃત પ્રીમિયમના 1.5 ગણા જેટલાં 12 રેગ્યૂલર વાર્ષિક હપ્તાઓ ચૂકવવાપાત્ર રહેશે, જેનો પહેલો હપ્તો ક્લેમ સેટલમેંટ સમયે ચૂકવવામાં આવે છે અને બાકીનાં 11 વાર્ષિક હપ્તાઓ વીમિત વ્યક્તિની દરેક મૃત્યુ તિથિ પર ચૂકવવાપાત્ર રહેશે.
  - ''વાર્ષિકીકૃત પ્રીમિયમના 6 ગણાં'' નો અતિરિક્ત લાભ 11મી મૃત્યુ તિથિ પર છેલ્લા વાર્ષિક હપ્તા સાથે ચૂકવવાપાત્ર રહેશે.
  - આ ઉપરાંત, તમારા નોમિની પહેલા પેઆઉટ સાથે ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ પણ મેળવે છે.

## અવિવા ન્યૂ ફેમિલી ઈન્કમ બિલ્ડર – પાત્રતા

<table>
<tr><th>પરિમાણ</th><th colspan="2">માપદંડ</th></tr>
<tr><td>પ્રવેશ સમયે ઉંમર</td><td colspan="2">6 થી 50 વર્ષ છેલ્લા જન્મ દિવસ મુજબ</td></tr>
<tr><td>પરિપક્વતા ઉંમર</td><td colspan="2">18 થી 62 વર્ષ છેલ્લા જન્મ દિવસ મુજબ</td></tr>
<tr><td>પૉલિસી મુદત</td><td colspan="2">12 વર્ષ</td></tr>
<tr><td>પ્રીમિયમ ચૂકવણી મુદત</td><td colspan="2">12 વર્ષ</td></tr>
<tr><td>પેઆઉટ મુદત</td><td colspan="2">મેચ્યોરિટી પછી 12 વર્ષ એટલે કે 13 થી 24</td></tr>
<tr><td>વાર્ષિકીકૃત પ્રીમિયમ (ઓછામાં ઓછું)</td><td colspan="2">₹40,000</td></tr>
<tr><td>વાર્ષિકીકૃત પ્રીમિયમ (વધુમાં વધુ)</td><td colspan="2">₹1,00,00,000 (પ્રતિ લાઈફ)</td></tr>
<tr><td rowspan="3">સમ એશ્યૉર્ડ (વીમા રકમ)</td><td colspan="2">વીમા રકમ તમારા વાર્ષિકીકૃત પ્રીમિયમના 24 ગણી છે.</td></tr>
<tr><td>ઓછામાં ઓછી વીમા રકમ</td><td>વધુમાં વધુ વીમા રકમ</td></tr>
<tr><td>₹9,60,000 (₹40,000 X 24નું ઓછામાં ઓછું વાર્ષિકીકૃત પ્રીમિયમ)</td><td>₹24,00,00,000 પ્રતિ લાઈફ (₹1,00,00,000 X 24નું વધુમાં વધુ વાર્ષિકીકૃત પ્રીમિયમ) બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન.</td></tr>
<tr><td>પ્રીમિયમ ચૂકવણી વારંવારતા</td><td colspan="2">માત્ર વાર્ષિક</td></tr>
</table>

**કૃપા કરી નોંધ લેશોઃ**

1. ''એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ'' એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડલ પ્રીમિયમો માટે લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.
2. કરવેરા જે ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ, સેશ લાગુ થાય તેમ સહિત પરંતુ તેના પૂરતા સીમિત ન રહેતા સરકાર દ્વારા વખતો વખત સૂચિત કરવામાં આવે તેમ લેવામાં આવશે. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.
3. પૉલિસીને ચલુ નાણાકીય વર્ષમાં લાગુ થતા પ્રીમિયમ ઉપરાંત બૅકડેટ મુદત માટે માસિક ચક્રવૃદ્ધિ સાથે વાર્ષિક 9% દરે વ્યાજ ચૂકવીને બૅકડેટ કરી શકાય છે.
4. જો પોલિસી શરુ થવા સમયે વીમિત વ્યક્તિ સગીર હોય તો.
   - પ્રીમિયમો પૉલિસીધારકે ચૂકવવાના રહેશે જે વીમિત વ્યક્તિના માતા–પિતા અથવા દાદા–દાદી કે પછી વાલી હોઈ શકે છે. જો પ્રીમિયમ ચૂકવણી મુદત પહેલા પૉલિસીધારકનું મૃત્યુ થાય તો, ભાવિ પ્રીમિયમો વીમિત વ્યક્તિના જીવીત રહેનાર માતા–પિતા / કાનૂની વાલી દ્વારા ચૂકવી શકાય છે. જો ભાવિ પ્રીમિયમો ન ચૂકવવામાં આવે તો લેપ્સ/ પેઈડ–અપ જોગવાઈઓ લાગુ રહેશે.
   - રિસ્ક પૉલિસી શરૂ થવાની તારીખથી શરૂ થશે.
   - વીમિત વ્યક્તિ સગીર હોય ત્યારે પૉલિસીધારકનું મૃત્યુ થવાના કિસ્સામાં વીમિત વ્યક્તિના જીવીત રહેનાર માતા–પિતા/કાનૂની વાલી ક્લેમ સ્વીકાર્ય થવા અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા પર પૉલિસીધારક બનશે. વીમિત વ્યક્તિ છેલ્લા જન્મ દિવસે 18 વર્ષ પૂરાં કરે પછી પૉલિસી તેના/તેણીના જીવન પર લાગુ રહેશે.

## અવિવા ન્યૂ ફેમિલી ઈન્કમ બિલ્ડર – પ્લાનનાં લાભો

### મેચ્યોરિટી બેનિફિટ

જો વીમિત વ્યક્તિ પૉલિસી મુદત સુધી જીવીત રહે અને જો પાકેલાં બધાં જ પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો, મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ નીચે જણાવ્યા મુજબ ચૂકવી દેવામાં આવશેઃ


- ''વાર્ષિકીકૃત પ્રીમિયમના 1.5 ગણાં'' ના 12 વાર્ષિક હપ્તાઓ પેઆઉટ મુદત દરમિયાન દર વર્ષના અંતે ચૂકવવામાં આવશે.
- ''વાર્ષિકીકૃત પ્રીમિયમના 6 ગણાં'' ની લમ્પસમ રકમ પેઆઉટ મુદતના અંતે ચૂકવી દેવામાં આવશે

''એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ'' એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડલ પ્રીમિયમો માટે લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

પ્રવેશ સમયની ઉંમર આધારે વધારાનો ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ પ્રીમિયમ ચૂકવણી મુદતના અંતે ચૂકવવામાં આવે છે.

રેગ્યૂલર ઈન્કમ મેળવવા દરમિયાન જો વીમિત વ્યક્તિનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થાય તો, બાકી રહેલા રેગ્યૂલર પેઆઉટ્સ નોમિની/લાભાર્થીને ચૂકવી દેવામાં આવશે.

**ઉદાહરણ :** તમારી ઉંમર 35 વર્ષ છે અને 12 વર્ષ માટે ₹1 લાખ + લાગુ થતા કરવેરા દર વર્ષે ચૂકવો છો. તમે વર્ષ 12ના અંતમાં ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ તરીકે ₹8,000/- મેળવશો અને 13 થી 24મા વર્ષ સુધી દર વર્ષના અંતે ₹1.5 લાખ સમકક્ષ રેગ્યૂલર ઈન્કમ એટલે કે આવતા 12 વર્ષ સુધીમાં ₹24 લાખ મેળવશો અને 24મા વર્ષના અંતે છેલ્લા પેઆઉટ સાથે ચૂકવવાપાત્ર ₹6 લાખનો વધારાનો લાભ મેળવશો.



### ડેથ બેનિફિટ

જો પૉલિસી મુદત દરમિયાન વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય અને મૃત્યુની તારીખ સુધીનાં બધાં જ પાકેલાં પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો ચૂકવવાપાત્ર રહેતો ડેથ સમ એશ્યૉર્ડ નીચેના માંથી જે પણ રકમ વધુ હોય તે રહેશેઃ

a) વાર્ષિકીકૃત પ્રીમિયમના 10 ગણાં, અથવા

b) મૃત્યુની તારીખના રોજ ચૂકવેલા કુલ પ્રીમિયમોના 105%, અથવા

c) પૉલિસીની વીમા રક

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલ બધાં જ પ્રીમિયમોનો સરવાળો, જેમાં એક્સ્ટ્રા પ્રીમિયમ, રાઈડર પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.

વીમા રકમ નીચેજણાવેલ રીતે ચૂકવવામાં આવશે.

- ''વાર્ષિકીકૃત પ્રીમિયમના 1.5 ગણાં'' ના 12 રેગ્યૂલર વાર્ષિક હપ્તાઓ ચૂકવી દેવામાં આવશે. પહેલો હપ્તો કલેમ સમાધાન સમયે ચૂકવવામાં આવશે અને બાકીના 11 વાર્ષિક હપ્તાઓ વીમિત વ્યક્તિની પહેલી મૃત્યુ તિથિથી શરૂ કરતા દરેક મૃત્યુ તિથિ પર ચૂકવવામાં આવશે.
- ''વાર્ષિકીકૃત પ્રીમિયમના 6 ગણાં'' જેટલી લમ્પસમ રકમ વીમિત વ્યક્તિની 11મી મૃત્યુ તિથિ પર ૧૨મા વાર્ષિક હપ્તા સાથે ચૂકવવામાં આવશે.

''એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ'' એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો માટે લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

પ્રવેશ સમયની તમારી ઉંમર આધારે વધારાનો ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ ડેથ કલેમના સમાધાન સમયે ચૂકવવાપાત્ર લાભ સાથે ચૂકવવામાં આવશે.

**ઉદાહરણ તરીકેઃ**

જો વીમિત વ્યક્તિનું છઠ્ઠા પૉલિસી વર્ષ દરમિયાન મૃત્યુ થાય તો (પૉલિસીના પ્રારંભમાં 35 વર્ષની ઉંમરના)


- પૉલિસી જારી કરાયાની તારીખઃ 1 નવેમ્બર, 2015
- પૉલિસીધારક ₹1 લાખ વત્તા કરવેરા, વાર્ષિકીકૃત પ્રીમિયમ તરીકે 6 વર્ષ માટે ચૂકવે છે અને 1 ડિસેમ્બર, 2020ના રોજ મૃત્યુ પામે છે.
- કલેમ 1 જાન્યુઆરી, 2021 ના રોજ સમાધાન થાય છે.
- નોમિની/લાભાર્થી મેળવશે.

a. 1 જાન્યુઆરી, 2021 ના રોજ ₹1.5 લાખ સહિત ₹8,000 (ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ)

b. ત્યારપછીના દરેક વર્ષની 1 ડિસેમ્બરે ₹1.5 લાખ આવતા 11 વર્ષ સુધી.

c. ₹1.5 લાખના 12મા હપ્તા સાથે ₹6 લાખ.

નોમિની/લાભાર્થીને કુલ લાભની ચૂકવણી આ રીતે ₹24,08,000/- ની થશે.




### ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ

પ્રવેશ સમયની ઉંમર આધારે ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ ડેથ કલેમનું સમાધાન થવા સમયે અથવા પ્રીમિયમ ચૂકવણી મુદતના અંતે, જે પણ પહેલા થાય ત્યારે ચૂકવવાપાત્ર રહેશે.

| પ્રવેશ સમયની ઉંમર બેન્ડ (વર્ષ) | ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ |
|---|---|
| 6-15 | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 12% |
| 16-25 | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 10% |
| 26-35 | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 8% |
| 36-40 | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 6% |
| 41-45 | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 4% |
| 46-50 | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 2% |

''એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ'' એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો માટે લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

### લેપ્સ/રિવાઈવલ/સરન્ડર માટેની જોગવાઈ

**જો ઓછામાં ઓછાં 2 વર્ષના પ્રીમિયમોન ચૂકવ્યા હોય તોઃ**

- શરૂઆતના 2 પૉલિસી વર્ષ દરમિયાન, જો ગ્રેસ પીરિયડ પૂરો થતા પહેલા પાકેલા પ્રીમિયમો ન ચૂકવ્યા હોય તો પૉલિસી લેપ્સ થઈ જશે.
- જો લેપ્સ થયેલી પૉલિસી ન ચૂકવેલા પહેલા પાકેલા પ્રીમિયમની તારીખથી પાંચ વર્ષની અંદર (રિવાઈવલ મુદત) રિવાઈવ ન કરવામાં આવે તો, ચૂકવેલા કુલ પ્રીમિયમના 30% ચૂકવી દીધાં પછી પૉલિસી રદ થઈ જશે.
- લેપ્સ થયેલી પૉલિસી હેઠળ, જો રિવાઈવલ મુદત દરમિયાન મૃત્યુ થાય તો, મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા પ્રીમિયમોના 100% પાછા આપી દેવામાં આવશે અને પૉલિસી રદ થઈ જશે.
- અન્ય કોઈ લાભ ચૂકવવાપાત્ર નહીં રહે.

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલ બધાં જ પ્રીમિયમોનો સરવાળો, જેમાં એક્સ્ટ્રા પ્રીમિયમ, રાઈડર પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.

**જો ઓછામાં ઓછાં 2 વર્ષના પ્રીમિયમો ચૂકવ્યા હોયઃ**

જો ઓછામાં ઓછાં 2 વર્ષના પ્રીમિયમો ચૂકવ્યા પછી જો કોઈ પાકેલું પ્રીમિયમ ત્યારબાદ ગ્રેસ પીરિયડ પૂરો થયા પહેલા ન ચૂકવ્યું હોય તોઃ

- પૉલિસી પેઈડ-અપ પૉલિસી બનશે.

$$\text{પેઈડ-અપ સમ એશ્યૉર્ડ} = \frac{\text{ચૂકવેલા કુલ પ્રીમિયમોની સંખ્યા}}{\text{કૉન્ટ્રાક્ટ હેઠળ ચૂકવવાપાત્ર પ્રીમિયમોની કુલ સંખ્યા}} \times \text{ડેથ સમ એશ્યૉર્ડ}$$

- **ઘટાડેલ પેઈડ-અપ બેનિફિટ નીચે જણાવેલ રીતે ચૂકવવાપાત્ર રહેશેઃ**

જો પૉલિસી મુદત દરમિયાન વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય તો પેઈડ-અપ સમ એશ્યૉર્ડ નીચેજણાવેલ રીતે ચૂકવવાપાત્ર રહે છે.

- ''1.5 X (ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા/12) ગણાં વાર્ષિકીકૃત પ્રીમિયમ'' ના 12 રેગ્યૂલર વાર્ષિક હપ્તાઓ ચૂકવવામાં આવશે.
  - પહેલો હપ્તો ડેથ કલેમના સમાધાન વખતે ચૂકવવામાં આવશે જે ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ X (ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા/12) સહિત રહેશે.
  - બાકીનાં 11 વાર્ષિક હપ્તાઓ વીમિત વ્યક્તિની પહેલી મૃત્યુ તિથિની તારીખથી શરૂ કરતા દરેક મૃત્યુ તિથિએ ચૂકવવામાં આવશે.
- ''6 X (ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા/12) ગણાં વાર્ષિકીકૃત પ્રીમિયમ'' ની લમ્પસમ રકમ 12મા વાર્ષિક હપ્તા સાથે ચૂકવવામાં આવશે.

જો વીમિત વ્યક્તિ મેચ્યોરિટી સુધી જીવીત રહે તો પેઈડ-અપ સમ એશ્યૉર્ડ ચૂકવવાપાત્ર રહે છે.

- ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ X (ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા/12) પ્રીમિયમ ચૂકવણી મુદતના અંતે.
- ''1.5 X(ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા/12) ગણાં વાર્ષિકીકૃત પ્રીમિયમ'' ના 12 રેગ્યૂલર વાર્ષિક હપ્તાઓ પેઆઉટ મુદત દરમિયાન દરેક વર્ષના અંતે ચૂકવવામાં આવશે.
- ''6 X (ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા/12) ગણાં વાર્ષિકીકૃત પ્રીમિયમ''ની લમ્પસમ રકમ પેઆઉટ પીરિયડના અંતે ચૂકવવામાં આવશે.

''એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ'' એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો માટે લોર્ડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

**રિવાઈવલઃ**

પૉલિસીધારક લેપ્સ/પેઈડ–અપ થયેલી પૉલિસી રિવાઈવ કરવા ન ચૂકવેલા પહેલા પાકેલા પ્રીમિયમની તારીખ (FUP) થી પાંચ વર્ષની મુદત ધરાવશે. પૉલિસીધારકે રિવાઈવ કરવાની રહેતી રકમ આધારે કંપનીની પ્રવર્તમાન બોર્ડ માન્ય અંડરરાઈટિંગ પીતિ મુજબ કંપનીને સંતોષકારક રીતે વીમિત વ્યક્તિના નિરંતર ઈન્શ્યૉરેબિલિટીનો પુરાવો રજુ કરવો આવશ્યક રહેશે, અને બધાં જ પાકેલા પ્રીમિયમો રિવાઈવલ ફી સહિત ન ચૂકવેલા પાકેલા પ્રીમિયમો પર વિલંબની મુદત માટેના વ્યાજ સહિત ચૂકવવાની રહેશે. રિવાઈવલ ફી ₹250 વત્તા કરવેરા, જો કોઈ હોય તો તે છે અને લેવા પાત્ર વ્યાજ વાર્ષિક 9% દરે માસિક ચક્રવૃદ્ધિ વત્તા કરવેરા, જો કોઈ હોય તો તે રહે છે. પેઈડ–અપ પૉલિસી એક વાર પૉલિસી મુદત પૂરી થયા પછી રિવાઈવ નથી કરી શકાતી.

## સરન્ડર વેલ્યૂ (SV)

ઓછામાં ઓછા બે વર્ષના પ્રીમિયમો ચૂકવ્યા પછી પૉલિસી ગમે ત્યારે સરન્ડર કરી શકાય છે. ચૂકવવાપાત્ર સરન્ડર વેલ્યૂ ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ અને સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે રહે છે.

- **ગૅરંટેડ સરન્ડર વેલ્યૂઃ**

ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ આને સમાન રહેશેઃ

| સરન્ડર કર્યાનું પૉલિસી વર્ષ | ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ |
|---|---|
| 2nd | કુલ ચૂકવેલા પ્રીમિયમોના* 35% |
| 3rd | કુલ ચૂકવેલા પ્રીમિયમોના* 35% |
| 4th - 8th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના* 50% |
| 9th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના* 60% |
| 10th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના* 70% |
| 11th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના* 90% |
| 12th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના* 90% |

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલ બધાં જ પ્રીમિયમોનો સરવાળો, જેમાં એક્સ્ટ્રા પ્રીમિયમ, રાઈડર પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.

- **સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ**

સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ આને સમાન રહેશેઃ

સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ ફેક્ટર x પેઈડ–અપ સમ એશ્યૉર્ડ

સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ ફેક્ટર્સ (SSV) કંપની દ્વારા IRDA ઑફ ઈન્ડિયા તરફથી પૂર્વ પરવાનગી સાથે વખતો વખત સમીક્ષા કરવામાં આવી શકે છે.

## અગત્યના નિયમો અને શરતો

**કર લાભ**

કર લાભો આવકવેરા ધારો, 1961 ની કલમ 80C અને 10(10(D)) અનુસાર રહેશે. પ્રવર્તમાન કર કાયદાઓ મુજબના કર લાભો વખતો વખત ફેરફારને આધીન રહે છે.

**ગ્રેસ પીરિયડ**

''ગ્રેસ પીરિયડ'' એટલે કંપની દ્વારા પ્રીમિયમની ચૂકવણી માટે કોઈ દંડ અથવા લેટ ફી વિના પાકતી તારીખથી ફાળવેલો સમય, જે દરમિયાન પૉલિસીના નિયમો અને શરતો મુજબ પૉલિસી કોઈ અંતરાળ વિના રિસ્ક કવર સહિત ઈન–ફોર્સ માનવામાં આવે છે. પ્રીમિયમની ચૂકવણી માટેનો ગ્રેસ પીરિયડ 30 દિવસનો રહેશે.

**નોમિનેશન અને અસાઈનમેંટઃ**

નોમિનેશન, ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 39 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે.

અસાઈનમેંટ, ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 38 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે.

**લોન**

અવિવા આ પૉલિસી સામે લોન નહીં આપે.

**ફ્રી લૂક પીરિયડ**

પૉલિસીધારક પૉલિસી દસ્તાવેજ પ્રાપ્ત થયાની તારીખથી 15 દિવસોની અંદર (જો પૉલિસી ડિસ્ટન્સ માર્કેટિંગ મારફત મેળવી હોય તો 30 દિવસો) પૉલિસીના નિયમો અને શરતોની સમીક્ષા કરવાનો અધિકાર ધરાવે છે. જો પૉલિસીધારક ફ્રી લૂક પીરિયડ દરમિયાન પૉલિસી રદ કરે તો કંપની મૅડિકલ પર થયેલ કોઈ ખર્ચ, જો થયો હોય તો અને સરેરાશ રિસ્ક ચાર્જિસ તેમ જ સ્ટેમ્પ ડ્યુટી બાદ કર્યા પછી કૅન્સલેશનની તારીખના રોજ પ્રીમિયમ પાછું ચૂકવી દેશે.

**આપઘાત ક્લેમની જોગવાઈઓ અને અપવર્જનો (જો કોઈ હોય તો)**

પૉલિસી હેઠળ રિસ્ક શરૂ થયાની તારીખથી અથવા પૉલિસી રિવાઈવ કર્યાની તારીખ, જે પણ લાગુ થાય ત્યારથી 12 મહિનાની અંદર આપઘાત કરવાને લીધે વીમિત વ્યક્તિનું મૃત્યુ થવા પર પૉલિસીધારકના નોમિની અથવા લાભાર્થી મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના ઓછામાં ઓછા 80% અથવા તો મૃત્યુની તારીખના રોજ ઉપલબ્ધ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે મેળવવા હકદાર રહેશે, આ માટે પૉલિસી ઈન–ફોર્સ હોવી જરૂરી છે.

## સ્વીકૃતિ

અવિવા રિસ્ક સ્વીકારવામાં આવે અને પ્રીમિયમો પૂરેપૂરા પ્રાપ્ત ન થાય એ સિવાય કોઈ ક્લેમ માટે જવાબદાર નહીં રહે.

## ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938 ની કલમ 41

ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 41ની જોગવાઈઓ કે જે વખતો વખત સુધારવામાં આવે તે મુજબ લાગુ રહેશે. વર્તમાન જોગવાઈ અનુસારઃ

(1) કોઈપણ વ્યક્તિએ ભારતમાં જીવન અથવા મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના રિસ્ક સંદર્ભે કોઈ વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રલોભન તરીકે ચૂકવવાપાત્ર કમિશન પૂરેપૂરું અથવા આંશિક દરે અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમનું કોઈ વળતર કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપવું ન જોઈએ અથવા આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર અથવા રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર કોઈ વ્યક્તિએ આવું કોઈ વળતર સ્વીકારવું જોઈએ, સિવાય કે તે વીમા કંપની (ઈન્શ્યૉરર) ના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અનુસાર માન્ય હોય.

(2) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે દસ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે.

## ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938 ની કલમ 45

ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 45ની જોગવાઈઓ, વખતો વખત સુધારવામાં આવે તે મુજબ કૉન્ટ્રાક્ટને લાગુ રહેશે.

## અવિવા વિશે

**અવિવા સાથે રોકાણ શા માટે કરવું જોઈએ?**

અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ – યુકે સ્થિત ઈન્શ્યૉરન્સ ગ્રુપ કે જેનો ભારત સાથેનો સંબંધ 1834થી છે તેની વચ્ચે થયેલું સંયુક્ત સાહત છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ પસંદ કરીને તમે વિશ્વના સૌથી જૂના ઈન્શ્યૉરન્સ ગ્રુપ માંથી એકના મેનેજમેન્ટ અનુભવનો લાભ મેળવો છો, જેનો ઈતિહા 1696ની સાલથી અસ્તિત્વ ધરાવે છે. 1884માં સ્થાપિત, ડાબર ઈન્ડિયા લિમિટેડ, ડાબર સમૂહની પ્રમુખ કંપની જે ભારતની સૌથી જૂની અને સૌથી મોટી કંપનીઓ માંની એક છે. આ પરંપરાગત સ્વાસ્થ્ય ઉત્પાદનોનું ઉત્પાદન કરતી દેશની અગ્રણી કંપની માંથી એક છે.

## પ્રશ્નો અને ફરિયાદો

વધારાની માહિતી, મૂંઝવણો અથવા ફરિયાદો માટે કૃપા કરી નીચે જણાવેલા નંબરો પર અમારો સંપર્ક કરોઃ

1800 103 7766 (ટોલ ફ્રી BSNL/MTNL ઉપભોક્તાઓ માટે) અથવા 0124-2709046 અથવા SMS કરો "Aviva" 5676737 પર.
ફૅક્સ નં.: 0124- 2571210

AVIVA
| Life Insurance |

*ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને*
*અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ વચ્ચેનું સંયુક્ત સાહસ.*

**અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ**
**હેડ ઑફિસઃ** અવિવા ટાવર, સેક્ટર રોડ, ગોલ્ફ કોર્સની સામે,
DLF ફેઝ-V, સેક્ટર 43, ગુડગાવ-122003, હરિયાણા, ભારત
ફોન નં.: +91 124-2709000, ફૅક્સ નં.: +91 124-2571210
વેબસાઈટઃ www.avivaindia.com
ઈમેઈલઃ customerservices@avivaindia.com
**રજિસ્ટર્ડ ઑફિસઃ** 2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ,
7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી-110001, ભારત.

કૉર્પોરેટ આઈડેન્ટિટી નંબર (CIN): U66010DL2000PLC107880

બેનામી ફોન કૉલ્સ અને ખોટી/દગા ભરી ઑફરોથી સાવચેત રહોઃ IRDA ઑફ ઈન્ડિયા જનતાને ખુલાસો કરે છે કેઃ • IRDA ઑફ ઈન્ડિયા અથવા તેના અધિકારીઓ કોઈપણ પ્રકારના ઈન્શ્યૉરન્સ અથવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના વેચાણ જેવી કોઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ નથી કે ન તો તેઓ પ્રીમિયમોનું રોકાણ કરે છે. • IRDA ઑફ ઈન્ડિયા કોઈ બોનસની ઘોષણા કરતું નથી. આવા ફોન કૉલ્સ મેળવતા નાગરિકોને ફોન કૉલ, નંબરની વિગતો સહિત પોલીસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.

અવિવા ન્યૂ ફેમિલી ઈન્કમ બિલ્ડર – વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન. ઉપર જણાવેલ ટ્રેડ લોગો અવિવા બ્રાન્ડ્સ લિમિટેડની માલિકીનો છે અને અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાય છે. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ મુજબ છે જે ફેરફારને આધીન રહે છે. અવિવા ન્યૂ ફેમિલી ઈન્કમ બિલ્ડર – વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ ઓરિએન્ટેડ ઈન્શ્યૉરન્સ પ્લાન. IRDA રજિસ્ટ્રેશન નં.:122. UIN : 122N103V04, Advt. No.: Nov 38/19, MKT/Nov 2019/Ver.2.0